**GJVL090008532022**

| Received on | : | 12-04-2022 | | |
|---|---|---|---|---|
| Registered on | : | 12-04-2022 | | |
| Decided on | : | 07-06-2023 | | |
| Period | : | Years | Months | Days |
| | | 1 | 1 | 26 |

**વલસાડના મહે. ચોથા એડીશનલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં**
**મુકામ : વાપી.**

**સેશન્સ કેસ નંબર :- ૨૦/૨૦૨૨**

**આંક :______**

<u>ફરીયાદી</u> : **શ્રી સરકાર**

// વિરુધ્ધ //

<u>આરોપીઓ</u> (૧) **અજયભાઈ સોનુભાઈ ધાંગડ**
ઉ. વ. આ. ૨૭, ધંધો : ડ્રાઈવીંગ,
રહે : સંજાણ ફણસપાડા, તા. ઉમરગામ,
જિ. વલસાડ

(૨) **અકિબ શાહઆલમ લાંબા**
ઉ. વ. આ. ૨૧, ધંધો : પશુપાલન,
રહે : સંજાણ ફણસપાડા, તા. ઉમરગામ,
જિ. વલસાડ

(૩) **રમણભાઈ પરસોત્તમભાઈ ટંકારી**
ઉ. વ. આ. ૪૯, ધંધો : ખેતી તથા મજુરી,
રહે : ટંકારપાડા, તા. તલાસરી,
જિ. પાલઘર

**ગુનો :-** **ધી ગુજરાત પશુ સંરક્ષણ (સુધારા) ૨૦૧૭ ની કલમ ૬-ક(૧)(૨)(૩) તથા ૮ (૪), ૧૦ તથા ધી પ્રાણી કુરતા અધિનિયમ ૧૯૬૦ ની કલમ ૩, ૧૧ (ચ)(છ)(જ) મુજબ.**

---

---

| | | |
|---|---|---|
| ફરીયાદપક્ષ તરફે | : | વિદ્વાન એ.પી.પી શ્રી આર. એમ. ચાંપાનેરીયા |
| આરોપીઓ તરફે | : | વિદ્વાન વકીલ શ્રી ડી. આર. પટેલ |

**// જજમેન્ટ//**

**(૧)** આ કામનાં આરોપીઓ વિરૂધ્ધ ઉમરગામ પોલીસ સ્ટેશનના સેકન્ડ ગુના રજિસ્ટર નંબર ૫૬૧/૨૦૨૦ ના કામે ધી ગુજરાત પશુ સંરક્ષણ (સુધારા) ૨૦૧૭ ની કલમ ૬-ક(૧)(૨)(૩) તથા ૮ (૪), ૧૦ તથા ધી પ્રાણી કુરતા અધિનિયમ ૧૯૬૦ ની કલમ ૩, ૧૧ (ચ)(છ)(જ) મુજબના શિક્ષાપાત્ર ગુના અંગે આરોપ મુકવામાં આવેલ છે.

**(૨)** **ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,** આ કામના આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં તારીખ ૧૩-૦૬-૨૦૨૦ ના કલાક : ૧૫/૩૦ વાગ્યાના સુમારે મોજે. ધીમસા કાંકરીયા ઈરાની ફાર્મની અંદર ટંકારવાડ રોડ રેલ્વે ફાટકથી આગળ દેસાઇ વાડીની બાજુમાં રોડ ઉપર તાલુકા : ઉમરગામ જિ : વલસાડ ખાતે પોતાના

કબજાનો ટેમ્પો નં. જીજે-૨૭-ટી-૮૪૫૩ માં એક સફેદ કલરનો બળદ તથા બે ગાયો એક ગાય સફેદ કલરની તથા બીજી ગાય કાળા કલરની તથા એક વાછરડુ રાતાશ કલરનુ અને તે પશુઓને ટુંકા દોરડાથી શ્વાસ રૂઘાય તેવી રીતે બાંધી તથા ટેમ્પોમાં રેતી કે ઘાસ-ચારાની સુવીધા ન રાખી કે કોઈ સક્ષમ અધિકારીના આધાર પુરાવા વગરે કે વેનેટરી ડોક્ટરનુ કોઈપણ જાતનું પ્રમાણપત્ર ન રાખી આમ આ કામના આરોપીઓએ ઉપરોક્ત હકીકત મુજબનો ગુનો આચરેલ હોવાનો આક્ષેપ કરતી ફરીયાદ રજુ કરેલ છે. ઉપરોક્ત ફરીયાદની હકીકત મુજબ ફરીયાદીએ ઉમરગામ પોલીસ સ્ટેશનના પી. એસ. સો સમક્ષ ફરીયાદ આપતા જે ફરીયાદ લખી લઈ ગુન્હો રજિસ્ટર કરી, સેકન્ડ ગુના રજિસ્ટર નંબર – ૫૬૧/૨૦૨૦ થી નોંધવામાં આવેલ. સદરહુ ફરીયાદ રજિસ્ટરે લેવાયા બાદ ત. ક. અમલદાર શ્રી ઉમેશભાઈ ઘીરુભાઈ પટેલ ને તપાસ સોપવામાં આવતા તેમણે ગુનાની તપાસ સંભાળી લીધેલી. તપાસ સંભારી લીધા બાદ તેઓએ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ અને ગુના સંબંધિત લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધેલા તથા આરોપીના કબજામાંથી ગુનાના કામે એક બળદ બે ગાયો, એક વાછરડું તથા ટેમ્પો રજિસ્ટ્રેશન નંબર જીજે-૧૫-ટી-૮૪૫૩ તથા એક મોબાઈલ આરોપી નં. ૧ પાસેથી લઈ તેનુ પંચનામું કરી કબજે કરેલ અને તે ગુનામાં કબજે કરેલ ગાય બળદ અને એક વાછરડું ગૌશાળામાં મુકવામાં આવેલ. તથા આરોપી નંબર ૨ નાઓ પાસેથી એક હીરો હોન્ડા મો. સા. નં. જીજે-૧૫-એકે-

૪૬૩૬ અને એક મોબાઈલ કબજે કરેલ અને સદર આરોપીઓની અટક કરી તેઓના વિરુધ્ધમાં પુરતા પુરાવા હોઇ જેથી ત.ક. અમલદારે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ – ૧૭૩ અન્વયે ધી ગુજરાત પશુ સંરક્ષણ (સુધારા) ૨૦૧૭ ની કલમ ૬-ક(૧)(૨)(૩) તથા ૮ (૪), ૧૦ તથા ધી પ્રાણી ક્રુરતા અધિનિયમ ૧૯૬૦ ની કલમ ૩, ૧૧ (ચ)(છ)(જ) મુજબના શિક્ષાપાત્ર ગુના અંગે ચાર્જશીટ ઉમરગામના એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં રજુ કરતા ક્રિ. કેસ નં. ૨૨૮૯/૨૦૨૦ થી રજિસ્ટર લેવામાં આવેલ. ત્યારબાદ આરોપીઓ સામેના ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની એકમાત્ર સત્તા સેશન્સ અદાલતને હોઇ કાયદાકીય જોગવાઇઓ ધ્યાને લઇ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ – ૨૦૯ અન્વયે આ કેસ નામદાર ત્રીજી એડી. સેશન્સ કોર્ટમાં વલસાડ મુ : વાપી ખાતે કમીટ કરી મોકલી આપવામાં આવેલ. ત્યારબાદ જે તે વખતે નામદાર ત્રીજી સેશન્સ કોર્ટના પ્રિસાઇડીંગ ઓફીસરશ્રી ડી. એસ. સિંઘ સાહેબની કોર્ટમાં રજુ કરતા તે સેશન્સ કેસ નં. ૨૦/૨૦૨૨ થી રજીસ્ટરે લેવામા આવેલ. ત્યારબાદ આ પ્રકરણની આગળની કાર્યવાહીના ભાગરૂપે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ – ૨૦૭ મુજબ પોલીસ તપાસના કાગળો આરોપીઓને મળી ગયેલ હોવાની ખાત્રી કરવામાં આવેલ, અને આરોપીઓ તેઓના બચાવ સારૂ વિ. વકીલશ્રી ડી.આર. પટેલ મારફતે હાજર થયેલા છે. તેમજ ફરીયાદપક્ષે વિ. એ.પી.પીશ્રી આર. એમ. ચાંપાનેરીયા હાજર થયેલા છે. આ કામના

પક્ષકારોના વિ. વકીલશ્રીઓને સાંભળી આરોપીઓ વિરુધ્ધ ધી ગુજરાત પશુ સંરક્ષણ (સુધારા) ૨૦૧૭ ની કલમ ૬-ક(૧)(૨)(૩) તથા ૮ (૪), ૧૦ તથા ધી પ્રાણી ક્રુરતા અધિનિયમ ૧૯૬૦ ની કલમ ૩, ૧૧ (ચ)(છ)(જ) મુજબના શિક્ષાપાત્ર ગુના અંગે આંક – ૯ થી તહોમતનામું વાંચી સંભળાવી, સમજાવી ત્રીજી સેશન્સ કોર્ટના પ્રિસાઈડીંગ ઓફીસરશ્રી ડી.એસ. સિંધ સાહેબ દ્વારા ફરમાવવામાં આવેલ છે જેમાં આરોપીઓની આંક-૧૦ થી આંક-૧૨ મુજબની પ્લી નોંધતા તેઓએ તેઓના વિરુધ્ધના ગુનાનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલો છે, અને આગળની કાર્યવાહી ચલાવવા માંગણી કરેલી છે. ત્યારબાદ આ કેસની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. કાર્યવાહી દરમ્યાન આરોપીઓ જામીન મુકત થયેલા છે.

**(3)** ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબિત કરવા માટે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલો છે.

**-: મૌખિક પુરાવો :-**

| ક્રમ | સાહેદનુ નામ | આંક | સાહેદની વિગત | સમર્થક/વિમુખ |
|---|---|---|---|---|
| ૧ | અક્ષય ગજાનંદ ટંકારી | ૧૪ | ફરીયાદી | વિમુખ |
| ૨ | પ્રવિણ મોહનભાઈ ટંકારી | ૧૫ | પંચ સાહેદ | સમર્થક |
| ૩ | સંજય ગૌતમ રાઠોડ | ૧૭ | પંચ સાહેદ | સમર્થક |
| ૪ | ગણેશભાઈ મોહનભાઈ | ૨૦ | પંચ સાહેદ | વિમુખ |

| | | | | |
|---|---|---|---|---|
| | ટંકારી | | | |
| ૫ | મહેશભાઇ કાંતીભાઇ આહીર | ૨૨ | વિડીયોગ્રાફી કોન્ટ્રાક્ટર | સમર્થક |
| ૬ | ઉમેશભાઇ ધીરૂભાઇ પટેલ | ૨૩ | ત.ક. અમલદાર | સમર્થક |

## -: દસ્તાવેજી પુરાવો :-

| ક્રમ | દસ્તાવેજનુ વર્ણન | આંક |
|---|---|---|
| ૧ | તપાસના કાગળો સંભાળી લેવા બાબતનો પત્ર | ૨૫ |
| ૨ | ફરીયાદી અક્ષય ગજાનંદનાએ આપેલ ફરીયાદ | ૨૪ |
| ૩ | બનાવવાળી જગ્યાનું પંચનામું | ૧૬ |
| ૪ | મુદ્દામાલ કબજે કરેલાનું પંચનામું | ૨૧ |
| ૫ | ગુનાના કામે વાપરેલ મોબાઈલ તથા મો. સાયકલનું પંચનામું | ૧૮ |
| ૬ | પી.એસ. ઓ બી. ડી. પટેલનો મરણનો દાખલો | ૨૮ |

**(૪)** ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષ તરેફે વિ. એ.પી.પીશ્રી આર. એમ. ચાંપાનેરીયાએ આંક-૨૬ થી ડ્રોપીંગ તથા આંક – ૨૭ થી કલોઝીંગ પુરસીસ આપી વધુ પુરાવો આપવા માંગતા નથી તેવું જાહેર કરતા ફરીયાદપક્ષનો પુરાવો હક્ક બંધ કરવામાં આવેલો. ત્યારબાદ

આરોપીઓનું ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ – ૩૧૩ હેઠળ વિશેષ નિવેદન લેવામાં આવેલું. જેમાં આરોપીઓએ તેઓના વિરુધ્ધ આવેલા પુરાવાનો ઈન્કાર કરી, વિશેષમાં પોતે નિર્દોષ છે, તેઓની સામે ખોટો કેસ કરેલ છે, તેઓએ કહેવાતો ગુનો કરેલ નથી. તેઓની ઉપર રહેમ કરી તેઓને છોડી મુકવા હોવાનું જણાવેલ છે. વધુમાં તેઓએ સોગંધ ઉપર જુબાની આપવા તથા સાક્ષી તપાસવા માટે ઈન્કાર કરેલ છે.

**(પ)** આ કામમાં ફરીયાદપક્ષ તરફે વિ. એ.પી.પીશ્રી આર. એમ. ચાંપાનેરીયા તથા આરોપીઓ તરફે વિ. વ. શ્રી. ડી. આર. પટેલને સાંભળ્યા.

**(૬)** ફરીયાદપક્ષ તરફે વિ. એ.પી.પીશ્રી આર. એમ. ચાંપાનેરીયા પોતાની દલીલમાં જણાવે છે કે, ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ સાબિત કરવા માટે કુલ છ સાહેદો તપાસેલ છે. ફરીયાદીને આંક-૧૪ થી તપાસેલ છે જેઓએ ફરીયાદની હકીકત સમર્થન આપેલ છે. અસલ ફરીયાદ આંક-૧૫ થી રજુ થયેલ છે. વચાવપક્ષના વિ.વશ્રીએ ફરીયાદીની ઉલટતપાસથી આરોપીઓના તરફેણમાં આવતી કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી અને ફરીયાદમાં સહિ ન હોવા માત્રથી આરોપીઓ ગુનો કરેલ નથી તેમ માની શકાય નહી. વધુમાં ગુનાવાળી જગ્યાના પંચ સાહેદે આંક-૧૭ થી તપાસવામાં આવેલ છે. જેઓએ પણ વાહનમાં પશુઓને લઈ જવાની હકીકતે સમર્થના આપેલ છે જેથી ફરીયાદપક્ષે

આંક-૧૬ ગુનાવાળી જગ્યાના પંચનામાની હકીકતો પુરવાર કરેલ છે. વધુમાં ગુનામાં વપરાયેલ મો. સ. ટેમ્પો તથા મોબાઇલ કબજે કરેલ પંચનામાના પંચસાહેદોએ પણ ફરીયાદપક્ષને સમર્થન કરેલ છે. વધુમાં સાહેદ ન-૫ નાએ પોતાના પુરાવામાં આરોપીઓ ટેમ્પોમા ગાયો કતલખાને લઈ જતા હોવાની હકીકત જણાવેલ છે. જેથી આ સાહેદના પુરાવાથી ફરીયાદપક્ષને સંપુર્ણપણે સમર્થન મળેલ છે. વધુમા તપાસ કરનાર અધિકારીશ્રીના પુરાવાથી ફરીયાદીએ ફરિયાદ આપેલ અને ત્યારબાદ તપાસની કામગીરી થયેલ અને જે દસ્તાવેજી પુરાવા મેળવેલ અને સાહેદોના નિવેદનો નોધેલ તે હકીકત પુરવાર થયેલ છે. તેમજ આરોપીઓ સદરહું વાહનમાં પશુઓને વગેર સર્ટિફીકેટ અને લાઇસન્સ લઈ જતા હતા અને પશુઓને કતલ કરવાના ઈરાદાથી લઈ જતા હતા તે હકીકત ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરેલ હોય જેથી આરોપીઓને કાયદામાં નિયત કરેલ મહત્તમ સજા કરવી જોઇએ તેવી વિનંતી કરેલ છે.

(૭) જ્યારે આરોપીઓ તરફે વિ. વ. શ્રી. ડી. આર પટેલ પોતાની દલીલમાં જણાવે છે કે, આરોપીઓ સામે ધી ગુજરાત પશુ સંરક્ષણ (સુધારા) ૨૦૧૭ ની કલમ ૬-ક(૧)(૨)(૩) તથા ૮ (૪), ૧૦ તથા ધી પ્રાણી ક્રુરતા અધિનિયમ ૧૯૬૦ ની કલમ ૩, ૧૧ (ચ)(છ)(જ) મુજબના ગુનાનો આક્ષેપ છે. ફરીયાદપક્ષ તરફે ફરીયાદી અને બીજા સાહેદોને તપાસેલા છે. પરંતુ, ફરીયાદપક્ષ તરફે તપાસેલ ફરીયાદી અને

પંચ સાહેદ નંબર – ૪ ફરી ગયેલાં સાહેદ તરીકે જાહેર થયેલાં છે. તેઓ તેઓની વધુ દલીલમાં જણાવે છે કે ફરીયાદીની ફરીયાદ જોતા તેમની ફરીયાદમાં ફરીયાદીની સહી નથી માત્ર એસડી લખેલ છે. અને તે બાબતનો ખુલાસો ફરીયાદપક્ષ તરફે આપવામાં આવેલ નથી. ફરીયાદપક્ષે ભારતીય પુરાવા અધિનિયમની કલમ -૬૭ મુજબ ફરીયાદ પુરવાર કરેલ નથી જેથી ફરીયાદ પુરાવામાં વંચાણે લઈ શકાય નહી વધુમાં ત.ક. અધિકારીશ્રીના પુરાવા મુજબ આરોપી પશુપાલન કરતા હોય અને પશુઓને કોઈ ઈજા થયેલ ન હોય અને પશુઓ શશક્ત જણાતા હોય અને ગાય દુધારુ હતી અને એક વાછરડું હતુ તે હકીકત સ્વીકાર કરેલ છે જેથી આરોપીઓએ પશુઓ સાથે કોઈ હિંસા આચરેલ હોય કે તેઓને કતલ કરવાના ઈરાદાથી લઈ જતા હતા તે હકીકત પુરવાર કરેલ નથી. વધુમાં કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી જેથી ફરીયાદપક્ષ પોતાનો કેસ શંકારહિત પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય, આરોપીઓને નિર્દોષ છોડી મુકવા વિનંતી કરેલ છે.

**(૮)** રેકર્ડ ઉપર રજુ થયેલ મૌખીક અને દસ્તાવેજી પુરાવા તથા બન્ને પક્ષ તરફેની દલીલો ધ્યાને લેતાં આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :-

**-: <u>મુદ્દાઓ</u> :-**

(૧) શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે,

તારીખ ૧૩-૦૬-૨૦૨૦ ના કલાક : ૧૫/૩૦ વાગ્યાના સુમારે મોજે. ધીમસા કાંકરીયા ઇરાની ફાર્મની અંદર ટંકારવાડ રોડ રેલ્વે ફાટકથી આગળ દેસાઇ વાડીની બાજુમાં રોડ ઉપર તાલુકા : ઉમરગામ જિ : વલસાડ ખાતે પોતાના કબજાનો ટેમ્પો નં. જીજે-૨૭-ટી-૮૪૫૩ માં એક સફેદ કલરનો બળદ તથા બે ગાયો એક ગાય સફેદ કલરની તથા બીજી ગાય કાળા કલરની તથા એક વાછરડુ રાતાશ કલરનુ અને તે પશુઓને ટુંકા દોરડાથી શ્વાસ રૂધાય તેવી રીતે બાંધી તથા ટેમ્પોમાં રેતી કે ઘાસચારાની સુવીધા ન રાખી કે કોઇ સક્ષમ અધિકારીના આધાર પુરાવા વગેરે કે વેનેટરી ડોક્ટરનુ કોઇપણ જાતનું પ્રમાણપત્ર ન રાખી આમ આ કામના આરોપીઓએ ધી ગુજરાત પશુ સંરક્ષણ (સુધારા) ૨૦૧૭ ની કલમ ૬-ક(૧)(૨)(૩) તથા ૮ (૪), ૧૦ તથા ધી પ્રાણી ક્રુરતા અધિનિયમ ૧૯૬૦ ની કલમ ૩, ૧૧ (ચ)(છ)(જ) મુજબનો ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૯)** ઉપરોક્ત મુદ્દાઓ પરત્વેના મારા ન્યાયિક નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**-: <u>કા ર ણો</u> :-**

**<u>મુદ્દા નં. ૧ :-</u>**

**(૧૦)** ઉપરોક્ત મુદ્દો પુરવાર કરવા માટે ફરીયાદપક્ષ તરફે ફરીયાદી **સાહેદ નં. ૧ અક્ષય ગજાનંદ ટંકારી આંક–૧૪** થી સોગંધ ઉપર તપાસેલ છે. તેઓએ પોતાના સોગંધ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, તેઓ રેડીયમ ક્રિએશન કંપનીમાં રબ્બર સ્ટોર સુપરવાઈઝર તરીકે નોકરી કરે છે. અને તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, તારીખ ૧૩–૦૬–૨૦૨૦ ના રોજ તેઓ તેમાના ઘરે હાજર હતા તે સમયે અકીબભાઇ મોટર સાઇકલ લઇને ત્યાથી ગયેલા અને તેમની પાછળ – પાછળ એક અશોક લે લન્ડનો ટેમ્પો જેનો નંબર જીજે–૨૭–ટી–૮૪૫૩ ઝડપથી આવેલ ત્યાએ સાહેદે તેમને બુમ પાડીને ગાડી ઉભી રખાવવાનો પ્રયત્ન કરેલ પરંતુ ગાડી સ્પીડમાં નિકળી ગયેલી. ત્યારબાદ તેઓ તથા સોહીલ મોટર સાઇકલ લઇને તેઓની પાછળ ગયેલ અને તેઓની ગાડી ઓવરટેક કરી ટેમ્પોની સામે ઉભી રાખેલી. ત્યારબાદ ડ્રાઇવરને પુછેલ કે કેમ સ્પીડમાં જાઓ છો. ત્યારે ડ્રાઇવર અજયભાઇએ જણાવેલ કે તેને જલ્દી જવાનું છે. ત્યારબાદ તેઓએ ડ્રાઇવરને પુછેલ કે ટેમ્પોમાં શુ છે ત્યારે  ડ્રાઇવરે જણાવેલ કે સદર ટેમ્પોમાં કઇ નહી હોવાનું જણાવેલ. ત્યાર પછી સાહેદે ગાડીમા પડદો મારેલ હતો તે ખોલીને જોતા ગાડીમાં એક બળદ, બે ગાય અને એક વાછરડું બાંધેલુ હતુ. ત્યારબાદ તેમણે ડ્રાઇવરને પુછેલ કે ગાયને ક્યા લઇ જાઓ છો ? ત્યારે ડ્રાઇવરે ઉછેરવા માટે લઇ જતો હોવાનુ જણાવેલ. ત્યારબાદ ડ્રાઇવરે સાહેદને જણાવેલ કે તે ગાયને કાપવા માટે લઇ જાય છે. ત્યારે સાહેદે કાપવા

બાબતે પુછતા ડ્રાઇવરે જણાવેલ કે તેની સાથે બીજા અકીબભાઇ છે. ત્યારબાદ તેઓએ ગૌશાળાવાળાને ફોન કરીને બોલાવેલ અને ગૌશાળાવાળા આવ્યાબાદ તેઓએ પોલીસને ફોન કરેલ. ત્યારબાદ સાહેદે ગાયને બહાર કાઢીને ચારો આપેલ. ત્યારબાદ સાહેદે આ અંગેની ફરીયાદ આપેલી. ત્યારબાદ ત્યાં પોલીસ આવી ગયેલી અને ડ્રાઇવરને પોલીસનાં ડબ્બામાં બેસાડી દીધેલ. આ સિવાય બીજુ કશુ તેઓની સામે થયેલ નથી એવું જણાવેલ છે.

**(૧૦.૧)** આમ સદરહું ફરીયાદી પોતાની ફરીયાદ મુજબનો પુરાવો આપતા ન હોવાથી વિ. પી.પી.શ્રીએ તેમને **ફરી ગયેલા સાહેદ** તરીકે જાહેર કરી ઉલટ તપાસ કરવાની પરવાનગી માંગેલ. વિ. પી.પી.શ્રી દ્વારા સદર ફરીયાદીની ઉલટ તપાસમાં ફરીયાદીએ એવી હકીકત લખાવેલી કે**,** “પોલીસના માણસો જગ્યા ઉપર આવેલા અને ટેમ્પોના ચાલક અજયભાઇને પશુઓ લઇ જવા લાવવા માટે કોઇ સક્ષમ અધિકારીશ્રીનું પાસ–પરમીટનો લેટર તેમજ વેટરનરી ડોક્ટરશ્રીનું જરૂરી પ્રમાણપત્ર માંગતા કોઇ પ્રમાણપત્ર ન હોવાનું જણાવેલ તેમજ તેના વાહનની અંદર ફસ્ટ એઇડ બોક્ષ સાથે ન હતુ અને આ ટેમ્પાની અંદળ બળદ તથા ગાયો અને વાછરડાને ટુંકા દોરડાથી શ્વાસ રૂંધાય તેવી રીતે બાંધેલ હતા. ટેમ્પોમાં નીચે રેતી કે ઘાસ ચારાની કોઇ વ્યવસ્થા કરેલ નહી". સદર ફરીયાદી એ વાત કબુલ કરે છે કે તેઓએ પંચોની રૂબરૂમાં બનાવવાળી

જગ્યા બતાવેલ. સદર ફરીયાદી આજરોજ આરોપી અજય તથા અકીબને કોર્ટમાં ઓળખી બતાવે છે.

**(૧૦.૨)** સદર ફરીયાદીની બચાવપક્ષ દ્વારા લેવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે ફક્ત તેમનું નામ અને સરનામું પુછેલું. પોલીસે ટાઇપ કરેલી પ્રિન્ટ લઇને તેમની સહી લીધેલી. ટાઇપનું કામ પોલીસ સ્ટેશમાં કરવામાં આવેલું. સદરહું ફરીયાદી વધુ એવી હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેઓએ એમની ફરીયાદમાં એવુ લખાવેલ નથી કે, " અમારા ઘર પાસે બેસેલ હતો. ત્યારે નાના બાળકો મેચ રમતા હતા. ત્યાથી પહેલા અકીબભાઇ બાઇક લઇને ગયેલા અને તેની પાછળ–પાછળ એક ટેમ્પો ઝડપથી આવેલ ત્યારે ફરીયાદીએ તેઓને બુમ પાડીને ગાડી ઉભી રાખવાની કોશીષ કરેલ પરંતુ ગાડી સ્પીડમાં નીકળી ગયેલી. ત્યાબાદ તેઓ તથા સોહીલ બાઇક લઇને તેની પાછળ ગયેલ ને તેઓની ગાડી ઓવરટેક કરી ટેમ્પોની સામે ઉભી રાખેલી. ત્યારબાદ ડ્રાઇવરને પુછેલ કે કેમ સ્પીડમાં જાઓ છો. ત્યારે ડ્રાઇવર અજયભાઇએ જણાવેલ કે તેને જલ્દી જવાનું છે. ત્યારબાદ તેઓએ ડ્રાઇવરને પુછેલ કે ટેમ્પોમાં શુ છે ત્યારે ડ્રાઇવરે જણાવેલ કે સદર ટેમ્પોમાં કઇ નહી હોવાનું જણાવેલ અને ગાડીમાંથી અવાજ આવતો હતો. ત્યારબાદ અમો ગાડીમાં પડદો મારેલુ." આમ ઉલટતપાસમાં પુછી શકાય તેવા સવાલો કરી, ઉલાટતપાસ કરેલ હોવા

છતા તેમણે પોતાની ફરીયાદ હકીકતને  સમર્થન કરેલ ન હોય, તેમના પુરાવાથી ફરીયાદપક્ષ આંક–૨૪ ની ફરીયાદની હકીકતો સાબીત કરી શકેલ ન હોઇ, તેનનો પુરાવો ફરીયાદપક્ષને મદદરૂપ બનતો નથી, તેમ સ્વીકારવું ન્યાયી ઠરશે.

**(૧૧)** ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે **પંચ સાહેદ નં. ૨ પ્રવિણ મોહનભાઇ ટંકારી આંક–૧૫** થી સોગંધ ઉપર તપાસેલ છે. તેઓએ પોતાના સોગંધ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે તેઓને ઉમરગામ પોલીસે તારીખ ૧૪–૦૬–૨૦૨૦ ના રોજ ટંકાર રોડ, દેસાઇવાડી પાસે પંચનામુ કરવા માટે બોલાવેલ ત્યા ઘણા બધા છોકરાઓ હાજર હતા. ત્યારબાદ તેમની પંચનામામાં સહી લીધેલી. આ પંચનામુ સરકારી ટેમ્પોમાં પ્રાણીઓ ભરી લઇને જતા હતા અને ગામના છોકરાઓએ તેઓને પકડી લીધેલા. આ પંચનામું તેમની સામે કરવામાં આવેલ હતું. તેઓની સાથે બીજા પંચ સાહીલ ચીમન ટંકારી અને ગણેશ મોહન ટંકારી પણ હાજર હતા. તેઓને નિ. ૧૩/૩  ગુનાવાળી જગ્યાનુ પચનામું અસલ બતાવવામાં આવે છે જેમાં પંચ નંબર (૧) તરીકે તેમની સહી છે અને પંચ નંબર (૨) તરીકે સાહીલભાઇની સહી છે જે સહી ઓળખી બતાવે છે. જે ને રજુ દાખલ આંક–**P–16/PW–2** આપવામાં આવેલ છે.

**(૧૧.૧)** સદર સાહેદની બચાવપક્ષ દ્વારા લેવામાં આવેલ ઉલટ

તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, **આંક – ૧૬** વાળુ પંચનામું સવારે ૮ થી ૧૦ વાગ્યાની વચ્ચે કરવામાં આવેલુ. સાહેદ, ફરીયાદી અને સાહીલ એક ગામમાં રહે છે. પોલીસે માત્ર તેમનુ નામઠામ પુછેલુ અને તેઓની સહી લીધેલ અને ત્યારબાદ ઉમરગામ પોલીસ સ્ટેશનમાં બોલાવેલ. તેઓની હાજરીમાં પોલીસે કોઇ જગ્યાની માપણી કરેલ નહી.

**(૧૨)** ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે **પંચ સાહેદ નં. ૩ સંજય ગૌતમ રાઠોડ આંક–૧૭** થી સોગંધ ઉપર તપાસેલ છે. તેઓએ પોતાના સોગંધ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, ઉમરગામ પોલીસે તારીખ ૨૧–૦૬–૨૦૨૦ ના રોજ ઉમરગામ પોલીસ સ્ટેશનમાં બોલાવેલ. ત્યા એક મોબાઇલ હતો અને એક લાલ કલરની હોન્ડા પેશન પ્રો જેનો નંબર – જીજે–૧૫–એજી–૪૬૩૬ હતો. જે મોબાઇલ અકીબ શાહઆલમનો હતો. તે બાબતનું પંચનામુ કરવામાં આવેલ. તેમને **નિ. ૧૩/૫** વાળુ ગુનાના કામે વપરાયેલ મોબાઇલ તથા મો. સા. નું પંચનામુ અસલ બતાવવામાં આવેલ છે જેમા પંચ નંબર (૨) તેરીકે તેમની સહી છે જે સહી સાહેદ ઓળખી બતાવે છે જેને રજુ દાખલ **આંક– P–18/PW–3** આપવામાં આવે છે.

**(૧૨.૧)** સદર સાહેદની બચાવપક્ષ દ્વારા લેવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે. મોટર સાઇકલના એન્જીન નંબર અને ચેચીસ નંબર તથા મોબાઇલનો IMEI નંબર શુ હતો ? તેની

ખબર ન હતી. જેથી સાહેદે તે પંચનામાં લખાવેલ નહી. સદર મોટર સાઇકલ તથા મોબાઇલ પોલીસ સ્ટેશનમાં પડેલ હતુ અને તેના પંચનામા કરીને તેઓની પંચનામા ઉપર ફક્ત સહિ લઇ લીધેલ.

**(૧૩)** ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે **પંચ સાહેદ નં. ૪ ગણેશભાઇ મોહનભાઇ ટંકારી આંક–૨૦** થી સોગંધ ઉપર તપાસેલ છે. તેઓએ પોતાના સોગંધ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, એઓને આ કેસ બાબતે થોડી થોડી ખબર છે. એક ટેમ્પો ગાય ભરીને મહારાષ્ટ્રમાથી ગુજરાતમાં આવતો હતો. તેમને પંચનામુ થયુ હતુ તે ખબર છે પરંતુ તારીખ અને મહિનો યાદ નથી. પંચનામુ દેસાઇવાડી પાસે ટંકારવાડ રોડ પાસે કરેલ. આ ટેમ્પો કઇ કંપનીનો હતો તેની તેમને ખબર નથી. પંચનામુ ૯ થી ૧૦ ના સમય દરમ્યાન કરેલ હતું. સદર ટેમ્પામાં બે કે ત્રણ ગાય હતી.

**(૧૩.૧)** સદર સાહેદને નિ. ૧૩/૪ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે જેમાં પંચ નં. (૨) તરીકે તેમની સહી છે જે સહી તે જાતે ઓળખી બતાવે છે. જેને રજુ દાખલ **આંક – પી–૨૧ આપવામા આવે છે.** આમ સદરહું સાહેદ પોતાના પંચનામાં મુજબનો પુરાવો આપતા ન હોવાથી વિ. પી.પી.શ્રીએ તેમને **ફરી ગયેલા સાહેદ** તરીકે જાહેર કરી ઉલટ તપાસ કરવાની પરવાનગી માંગેલ. વિ. પી.પી.શ્રી દ્વારા સદર ફરીયાદીની ઉલટ તપાસમાં ફરીયાદીએ એવી હકીકત સ્વીકારેલ કે,

ટેમ્પોનો નં. જીજે–૨૭–ટી–૮૪૫૩ હતો અને સદર ટેમ્પો અશોક લેલન્ડ કંપનીનો હતો.

**(૧૩.૨)** સદર સાહેદ બચાવપક્ષ દ્વારા લેવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમણે પંચનામાં પર સહી દેસાઇ વાડા ટંકારવાડ રોડ પાસે કરેલી. એ વાત ખરી નથી કે તેમણે તૈયાર પંચનામા પર ફક્ત સહી કરેલી અને પંચનામુ અજયભાઇ એ લખાવેલ.

**(૧૪)** ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં. ૫ મહેશભાઇ કાંતીભાઇ આહીર આંક–૨૨** થી સોગંધ ઉપર તપાસેલ છે. તેઓએ પોતાના સોગંધ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, આરોપીઓ ટેમ્પામાં ગાય, બળદ અને વાછરડું ભરીને જતા હતા ત્યારે બપોરનો સમય હતો અને બનાવને બે વર્ષ થયેલ ત્યારે કોરોના કાળ હતો. સદર ટેમ્પો મહારાષ્ટ્રમાથી ગુજરાતમાં જતો હતો. ત્યારે આરોપી વિજય ડ્રાઇવરને પુછેલ કે તમે ક્યાં લઇને જાવ છો તો તેમને કહેલ કે કતલખાને અકીબના ઘરે લઇ જઇએ છીએ. ત્યારબાદ અમોએ પોલીસવાળાને ફોન કરીને આ લોકોને પકડાવી દિધેલ. ત્યારબાદ ઉમરગામ પોલીસ સ્ટેશનમાં ગયેલ. તેઓને ટેમ્પો નંબર ખબર નથી પરંતુ અશોક લેલન્ડ ગાડી હતી. ટેમ્પોમાં બીજા વ્યકિત રમણ હતો. તે બાબતે પોલીસે તેઓનું નિવેદન લીધેલ. તેઓ આરોપીને ઓળખી બતાવે છે જે આજરોજ કોર્ટમાં હાજર છે. સદર

સાહેદ બચાવપક્ષ દ્વારા લેવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, સદર બનાવ ટંકારવાડમાં બનેલ. તેઓ દુકાન પર હતા અને તેમણે ફોનથી ખબર પડેલ કે એક ટેમ્પો આવવાનો છે અને અકીબના ઘરે કતલખાનામાં લઈ જવાનું છે તે હકીકત તેઓના નિવેદનમાં નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, મેં લખાવેલ હતુ. એ વાત ખરી છે કે, અકીબ સંજાણમાં પશુ વેપારનો ધંધો કરે છે અને તેમના ત્યાં તબેલો છે. એ વાત ખરી છે કે, સદર ગાય દુધ વાળી હતી અને એક નાનુ વાછરડું હતું. મને બે ત્રણ વર્ષ થઈ ગયા જેથી ટેમ્પો નંબર યાદ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, મે ટેમ્પો નંબર લખાવેલ. એ વાત ખરી છે કે, હું ભાજપનો કાર્યકર્તા છું. એ વાત ખરી નથી કે, પોલીસ મારૂ ફકત નામ સરનામું પુછેલ. એ વાત ખરી છે કે, પશુ  બાંધેલા હતા અને શસકત અને સારા હતા.

**(૧૫)** ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં. ૬ ઉમેશભાઈ ધીરૂભાઈ પટેલ આંક-૨૩** થી સોગંધ ઉપર તપાસેલ છે. તેઓએ પોતાના સોગંધ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે તા. ૧૩/૦૬/૨૦૨૦ ના રોજ તેઓને પો.સ્ટે અમલદાર શ્રી ભરતભાઈ દલાભાઈ નાઓએ ઉમરગામ પો.સ્ટે. પાર્ટ-બી-૦૫૬૧/૨૦૨૦ થી ગુજરાત પશુ સરક્ષણ સુધારા અધિનિયમ ૨૦૧૧ ની કલમ- ૬-ક(૧)(૨) તથા ૩ તથા ૮(૪),૧૦, ધી પ્રાણી કુરતતા અધિનિયમ-૧૯૬૦ ની કલમ-

૩,૧૧(ચ)(છ)(જ) વિગેરે મુજબની ફરીયાદીશ્રીની ફરીયાદ તપાસમાં સોંપવામાં આવેલ જે ગુનાના કામે બનાવવાળી જગ્યાનું પંચનામુ કરેલ તથા ગુના સંબંધિત લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધેલ તથા આરોપીના કબજામાંથી ગુનાના કામે એક બળદ બે ગાયો, એક વાછરડું તથા ટેમ્પો રજી નં. જીજે ૧૫ ટી ૮૪૫૩ નો તથા એક મોબાઈલ ફોન આરોપી નં. ૧ અજયભાઈ સોનુંભાઈ ધાગડા નાઓ પાસેથી પંચનામું કરી કબજે કરી ગાયો, બળદ તથા વાછરડું જે તે વખતે ગૌશાળામાં મુકવામાં આવેલ. સદર આરોપીઓના કોવિડ ટેસ્ટ કરી અટક કરી નામદાર કોર્ટમાં રજુ કરેલ છે. તેમજ આરોપી નં. ૨ અકીબ સાહ આલમ લાંબા નાઓ પાસેથી હિરો હોન્ડા મો.સા રજી નં. જીજે ૧૫ એકે ૪૬૩૬ નુ કબજે કરેલ તથા એક ઇન્ડેકક્ષ કંપનીનો ફોન કબજે લીધેલ. આમ સદર કામે મુખ્ય આરોપી તથા સહ આરોપીઓ અટક કરી નામદાર કોર્ટમા રજુ કરી તેઓના વિરૂધ્ધ પુરતા પુરાવા પડતા હોઈ આ કામે ચાર્જશીટ કરેલ છે. આરોપીઓને તેઓ ઓળખે છે. જેમાંથી બે આરોપી આજરોજ કોર્ટમાં હાજર છે તેજ છે.

**(૧૫.૧)** તેઓને નિ. ૧૩/૨ વાળી ફરીયાદ બતાવવામાં આવે છે. જે ફરીયાદ પી.એસ.ઓ શ્રી બી.ડી.પટેલ દ્વારા લેવામાં આવેલ છે. જેમની સહી તેઓ ઓળખી બતાવું છે. જેને રજુ દાખલ **આંક–P–૨૪** આપવામાં આવે છે. તેઓને નિ. ૧૩/૧ વાળો તપાસ સંભાળી લેવા

બાબતનો પત્ર બતાવવામાં આવે છે. જે પત્રમાં પી.એસ.ઓ શ્રી બી.ડી.પટેલ ની સહી છે. જે તેઓ ઓળખી બતાવે છે. જેને રજુ દાખલ **આંક–P–૨૫** આપવામાં આવે છે. તેઓને આંક–૧૬ વાળુ પંચનામું બતાવવામાં આવે છે જેમાં પંચોની સહી તથા રૂબરૂ તરીકે તેઓની સહી છે. જે તેઓ ઓળખી બતાવે છે. તેઓને આંક–૧૮ વાળુ ગુના કામે મોબાઈલ મોટર સાયકલનું પંચનામું બતાવવામાં આવે છે જેમાં પંચોની સહી તથા રૂબરૂ તરીકે તેઓની સહી છે. જે તેઓ ઓળખી બતાવું છું. એઓને આંક–૨૧ વાળુ મુદામાલ કબજે કર્યાનું પંચનામું બતાવવામાં આવે છે જેમાં પંચોની સહી તથા રૂબરૂ તરીકે તેઓની સહી છે.જે તેઓ ઓળખી બતાવે છે.

**(૧૫.૨)** સદર સાહેદ બચાવપક્ષ દ્વારા લેવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી નથી કે, ટંકારા તા. તલાસરી, જી.પાલઘર મહારાષ્ટ્રમાં આવેલ છે. એ વાત ખરી છે કે, સદર કેસમાં તમામ સાહેદો ના નિવેદન લીધેલ તે ગામ ટંકારા તા. તલાસરી, જી.પાલઘર મહારાષ્ટ્રના છે. એ વાત ખરી છે કે, કોઈપણ સાહેદના નિવેદનમાં એવુ ખુલેલ નથી કે આરોપીઓ સદર પશુઓને કતલખાને લઈને જતા હતા. એ વાત ખરી નથી કે, તૈયાર પંચનામા ઉપર સહી કરાવેલ. એ વાત ખરી છે કે, પશુઓને ટુંકા દોરડાથી બાંધેલ હોઈ તેમજ ઘાસચારો નાખેલ ના હોઈ તેવું તમામ સાહેદોના નિવેદનમાંથી નથી. એ

વાત ખરી છે કે, આરોપી અકીબ સંજાણ મુકામે પશુપાલનનો તથા દુધ વેચવાનો ધંધો કરે છે. એ વાત ખરી છે કે, આ પશુઓમાં એક દુધાળી ગાય તથા વાછરડું પણ હતુ. એ વાત ખરી નથી કે, મારી તપાસમાં એવુ ખુલેલ નહી કે ફરીયાદી તથા સાહેદો ભાજપના કાર્યકર્તા તથા બજરંગ દળના સભ્ય હતા. એ વાત ખરી નથી કે, મારી સારી કામગીરી બતાવવા માટે હાલના આરોપી સામે ખોટો કેસ કરેલ છે. એ વાત ખરી છે કે, પકડાયેલ પશુઓની સ્થિતી સારી હતી અને જીવતા હતા.

## // <u>તારણો</u> //

**(૧૬)** ફરીયાદ તારીખ ૧૩–૦૬–૨૦૨૦ ના રોજ આપવામાં આવેલ છે. ફરીયાદીના પુરાવા મુજબ બનાવના રોજ આરોપી અકીબભાઇ પહેલા બાઇક લઇને નિકળેલા અને ત્યારબાદ અશોક લે–લન્ડ ટેમ્પો નં. જીજે-૨૭-ટી-૮૪૫૩ ઝડપથી નીકળેલ ત્યારે તેઓએ બુમો પાડીને ટેમ્પો ઉભો રાખવાની કોશીશ કરેલી પરંતુ સદર ટેમ્પો ઝડપથી નીકળી ગયેલ. ત્યારબાદ તેઓ અને સાહીલ બાઇક લઇને ટેમ્પોની પાછળ ગયેલા અને તેઓએ તેમની મોટર સાઇકલ ઓવરટેક કરી ટેમ્પાની સામે ઉભી કરી દિધેલ. આરોપી અજયને ડ્રાઇવર તરીકે જણાવેલ છે. તેઓએ આ ટેમ્પોમાં પડદો મારેલ હોવાનુ જણાવેલ અને આ ટેમ્પોની અંદર એક બળદ, બે ગાય અને એક વાછરડું બાંધેલ હોવાનું પણ જણાવેલ છે. અને આરોપી અજય તેમા પશુઓને ઉછેરવા માટે લઇ

જતા હોય તેમ જણાવેલ છે. વધુમાં ગાય કાપવા બાબતે પુછતા તેઓ સાથે અન્ય ઇસમ આરોપી અકીબભાઇ હોવાનું જણાવેલ છે. વધુમાં એ.પી.પીશ્રીએ આ સાહેદને હોસ્ટાઇલ જાહેર કર્યા બાદ જ્યારે ઉલટ તપાસ કરેલ ત્યારે આરોપીએ પશુઓને લઇ જવા માટે કોઇ સક્ષમ અધિકારીશ્રીની પાસ- પરમીટ લેટર તેમજ ડોક્ટરશ્રીનું જરૂરી પ્રમાણપત્ર તેમજ ફસ્ટ એઈડ બોક્ષ ન હોવાનુ તેમજ ટેમ્પાની અંદર બળદ, ગાય તથા વાછરડાને ટુંકા દોરડાથી સ્વાસ રૂંધાય તેવી રીતે બાંધીને રાખેલ હોય અને ટેમ્પામાં નીચે રેતી કે ઘાસ ચારાની વ્યવસ્થા કરેલ ન હોત તે બાબતની હકીકત કબુલ કરેલ છે. પરંતુ ફરીયાદીએ ફરીયાદમાં ટેમ્પો ઉભો રખાવેલ ત્યારે તેઓની સાથે કિશોરભાઇ પરશોત્તમભાઇ ટંકારી, મહેશભાઇ કાંતીભાઇ આહીર, હેમંતભાઇ ચીમનભાઇ ટંકારી તથા સુરેશભાઇ નટુભાઇ આહીર અને સુરેશ રાજેશ આહીર તથા તેમના ફળીયાના બીજા માણસો પણ હાજર હતા તેમ જણાવેલ છે. પરંતુ કોર્ટ રૂબરુના પુરાવામાં આવી કોઇ હકીકત જણાવતા નથી. જ્યારે ફરીયાદમાં તેઓ તથા સોહીલે ટેમ્પોનો પીછો કરેલ તેવી કોઇ હકીકત જણાઇ આવતી નથી. તેઓ ફરીયાદમાં ટેમ્પામાં કલીનર સીટ ઉપર આરોપી રમણભાઇ હોવાનુ જણાવેલ છે. જ્યારે કોર્ટ રૂબરુના પુરાવામાં આરોપી રમણભાઇ વિશે કોઇ હકીકત જણાવતા નથી.

**(૧૬.૧)** વધુમાં તેઓએ પોતાની સરતપાસમાં તેઓની સાથે

આરોપી અકીબભાઈ છે તેમ જણાવેલ છે. જ્યારે આરોપી અકીબ ગાયને કાપવા માટે લઈ જાય છે તેઓ પુરાવો આપેલ છે. જ્યારે ફરીયાદમાં આરોપી અકીબના ઘરે કતલ કરવા લઈ જાય છે તેમ જણાવેલ છે. બચાવપક્ષ ના વિ. વ. શ્રીએ ફરીયાદીના સર-તપાસનો પુરાવો ફરીયાદની હકીકત વિરુધ્ધનો હોય તે મુજબ કોન્ટ્રાડીકશન લીધેલ છે. પરંતુ તે કોન્ટ્રાડીકશન સબબની હકીક્ત ત.ક. અમલદારશ્રીના પુરાવાથી સાબીત કરેલ નથી પરંતુ ફરીયાદીનો સમગ્ર પુરાવો ધ્યાને લઈએતો તેઓએ આરોપી રમણભાઈ વિશે કોઈ હકીકત જણાવેલ નથી. આરોપી અકીબ કે રમણભાઈ આ ઉપરોક્ત પશુઓને કતલ કરવા માટે કોઈ મદદ કરેલ હોય કે કોઈ અન્ય વાતચીત કરેલ હોય તેવુ કઈ જણાવેલ નથી. પરંતુ આરોપી અજય તેમની ટેમ્પામા સવાલ વાળા પશુ લઈ જતા હતા એ હકીકત પુરતી જ સમર્થક કારક હકીકત પુરવાર થાય છે. તે સિવાયની ફરીયાદની અન્ય કોઈ હહીકતને સમર્થન મળતુ નથી. જો કે તેઓની એપી.પી.શ્રીએ કરેલ ઉલટ તપાસમાં સવાલ વાળા પશુઓને ટુંકા ડોરડાથી સ્વાસ રૂંધાય તેવી રીતે બાંધેલ હોવાનું તેમજ ઘાસચારાની વ્યવસ્થા કરેલ ન હોવાનુ સ્વીકારેલ છે. પરંતુ બચાવપક્ષની ઉલટ તપાસમાં ગાડીમાં રહેલા બળદ, ગાય અને વાછળડા ઉપર ઈજાના કોઈ નિશાન ન હોવાનું કબુલ રાખેલ છે.

**(૧૭)** વધુમાં સાહેદ નં. ૨ નો પુરાવો ધ્યાને લઈએતો તેઓ આંક-

૧૬ થી રજુ ગુનાવાળી જગ્યાના પંચ સાહેદ છે. તેઓના પુરાવામાં સરકારી ટેમ્પોમા પ્રાણીઓને ભરીને લઇને જતા હતા અને ગામના છોકરાઓએ પકડી પાડેલા હોવાનુ જણાવેલ છે. આમ ટેમ્પો કયો હતો, ટેમ્પામાં પશુઓમા શુ હતું તેવી કોઇ હકીકત જણાવેલ નથી. વધુમાં પોલીસે તેમનુ નામ ઠામ પુછેલ છે અને સહી લીધેલ છે. કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત એ છે કે, કોઇ દસ્તાવેજને આંક પડી જવા માત્રથી તે દસ્તાવેજની હકીકતો પુરવાર થતી નથી. જેથી આ સાહેદના પુરાવાથી ફરીયાદપક્ષને કોઇ વિશેષ મદદ મળેલ હોય તેવુ જણાઇ આવતું નથી.

**(૧૮)** વધુમાં સાહેદ નં. ૪ નો પુરાવો ધ્યાને લઇએતો તેઓએ બનાવ નજરે જોયેલ હોય તેમ જણાઇ આવતુ નથી કારણ કે તેઓએ તેમની સર-તપાસમાં જણાવેલ છે કે, તેઓને આ કેસ બાબતે થોડી થોડી ખબર છે. જેથી આ સાહેદ હીયર સે પુરાવો આપેલ હોવાનું કારણ ઉપસ્થિત થયેલ છે. તેઓના પુરાવા મુજબ એક ટેમ્પો ગાય ભરીને મહારાષ્ટ્રા થી ગુજરાતમાં આવતી હતી જેમા બે કે ત્રણ ગાય હતી. વધુમાં તેઓના કહેવા મુજબ આ પંચનામુ દેસાઇવાડી, ટંકારવાડ રોડ પાસે કરવામાં આવેલ. આ સાહેદ આંક-૨૧ થી રજુ પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે. પરંતુ આ સાહેદના પુરાવાથી ફરીયાદપક્ષને કોઇ વિશેષ મદદ મળેલ નથી તેવું આ કોર્ટનું માનવુ છે. કારણ કે તેઓએ આ ટ્રકમાં કોઇ પશુઓ જાતે જોયેલ નથી. સાહેદ નં. ૩ ગુનામા વાપરેલ

મોબાઈલ તથા મો. સા. કબજે કર્યાના પંચ સાહેદ નં. ૨ છે. તે પંચાનામામાં તેઓએ ફક્ત સહી કરેલ છે. ઉપરોક્ત મુદ્દામાલ પોલીસ સ્ટેશનમાં પડેલ હતો. આરોપીઓ પાસેથી ઉપરોક્ત મુદ્દામાલ તેઓની હાજરીમાં પંચનામાની કાર્યવાહી કરી કબ્જે કરવામાં આવેલ નથી. વધુમાં સાહેદ નં. ૫ મહેશભાઇ કાંતીભાઇ આહીરના આંક – ૨૨ ના પુરાવા મુજબ આરોપી ટેમ્પામાં ગાય, બળદ અને વાછળડું ભરીને જતા હતા અને આરોપી અજય જે ટેમ્પો ડ્રાઇવીંગ કરતો હતો તેઓએ જણાવેલ કે, કતલ ખાતે અકીબના ઘરે લઇ જતા હતા. પરંતુ ફરીયાદીના પુરાવા મુજબ કે ફરીયાદ મુજબ આરોપીના ઘરે કતલખાને ગયેલ હોય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમાં ફરીયાદીએ અકીબના ઘરે લઇ જઇએ છીએ તેમ જણાવેલ નથી. આમ સાહેદ તે વખતે બનાવના સ્થળે હાજર હતા તેવી કોઇ હકીકત ફરીયાદીએ જણાવેલ નથી. આમ સાહેદ બનાવ વખતે નજરે સ્થળે કોની સાથે હાજર હતા તેમ જણાવેલ નથી. તેઓના મુજબ ટેમ્પામાં બીજી વ્યક્તિ રમણભાઇ હતા. જ્યારે ફરીયાદીએ ટેમ્પામાં આરોપી રમણભાઇ હતા તેવુ કઇ જણાવેલ નથી. આ સાહેદના પુરાવાથી આરોપી અકીબભાઇ સંજાણમાં પશુપાલનનો ધંધો કરે છે અને તેમના ત્યા તબેલો છે અને સદર ગાય દુધવાળી હતી અને એક નાનુ વાછરડું હતુ અને પશુ સશક્ત અને સારા હતા તેવી હકીકત કબુલ થવા પામેલ છે. જેથી આ સાહેદના પુરાવાથી આરોપીઓ આ પશુઓની સાથે ક્રુરતા આચરતા હતા તેવી કોઇ હકીકત જણાવેલ નથી.

**(૧૯)** વધુમાં તપાસ કરનાર અમલદારશ્રીનો આંક-૨૩ નો પુરાવો લઈએતો આરોપી અજયભાઇ પાસેથી પંચનામુ કરી ગાયો, બળદ અને વાછરડું કબ્જે કરી જે તે વખતે ગૌશાળામાં મોકલાવેલ જણાવેલ છે અને સાહેદોના નિવેદનો લીધેલા તેવી હકીકત કબુલ રાખેલ કે, આરોપીઓ સદર પશુઓને કતલખાને લઈ જતા હોવાની હકીકત કોઈપણ સાહેદના પુરાવાથી ખુલી આવેલ નથી. તેમજ પશુઓને ટુંકા દોરડાથી બાંધેલા હોય કે ઘાસ-ચારાની વ્યવસ્થા કરેલ ન હોય તેવી હકીકત કોઈ સાહેદે જણાવેલ નથી. આરોપી અકીબ સંજાણ મુકામે પશુપાલન કરતા હોય અને દુધ વેચવામો ધંધો કરતા હોય તેવી હકીકત પણ તેઓએ કબુલ રાખેલ છે. તેમજ ઉપરોક્ત પશુઓમાં એક દુધવાળી ગાય અને વાછરડું હતુ અને પકડાયેલા પશુઓની સારી સ્થિતિ હતી અને જીવતા હતા. વધુમાં આ કામે ફરીયાદ લેનાર પી.એસ.ઓ મરણ પામેલ હોઈ જેથી તપાસવામાં આવેલ નથી. સાહેદ નં. ૬ તપાસ કરનાર અધિકારીશ્રી મારફતે ફરીયાદને આંક-P-૨૪ આપવામાં આવેલ છે.

**(૨૦)** બચાવપક્ષના વિ.વ.શ્રીએ એવી દલીલ કરેલ છે કે આંક-૨૪ થી રજુ ફરીયાદ ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૬૭ મુજબ પુરવાર કરેલ નથી ફરીયાદીએ ફરીયાદમાં સહી કરેલ નથી જેથી સદર ફરીયાદ સી.આર.પી.સી ની કલમ – ૧૫૪ મુજબ નોંધવામાં આવેલ નથી.

**(૨૧)** સી.આર.પી.સી ની કલમ – ૧૫૪ મુજબ દરેક લેખીત કે લખી લેવામાં આવેલ ખબરમાં ખબર આપનારની સહી લેવી જોઇએ પરંતુ આંક-૨૪ વાળી ફરીયાદ ઉપર ફક્ત -sd- લખેલ છે, ફરીયાદ આપનારની સહિ જણાઇ આવતી નથી. ફરીયાદીએ ફરીયાદમાં સહી કરેલ હોવાનુ જણાવેલ છે તે સંજોગોમાં આંક-P-૨૪, વાળી ફરીયાદમાં ફરીયાદીની સહી કેમ લેવામાં આવેલ નથી કે કયા કારણસર રજુ થયેલ ફરીયાદમાં ફરીયાદીની સહી બતાવવામાં આવેલ નથી તેઓ કોઇ ખુલાસો તપાસ કરનાર અધિકારીશ્રીએ કરેલ નથી. ભારતીય પુરાવા અધિનિયમ ૧૮૭૨ ની કલમ – ૬૭ મુજબ જ્યારે કોઇ દસ્તાવેજ કોઇ વ્યક્તિઓ સહી કરી, કરેલ હોય કે કોઇપણના હસ્તારક્ષરમા લખી લેવામાં આવતુ હોય તે સંજોગ તે વખત સહી કે હસ્તાક્ષર પુરવાર કરવાની જે તે પક્ષની હોય છે. હાલના કેસમાં ફરીયાદીએ જ્યારે પોતાની ફરીયાદમાં સહી કરેલ હોવાનું જણાવેલ છે ત્યારે ફરીયાદપક્ષ ફરીયાદીને આંક-૨૪ વાળી ફરીયાદ રેફર કેમ કરાવેલ નથી તે બાબતનો કોઇ ચોકકસ ખુલાસો કરેલ નથી. જેથી આંક-૨૪ વાળી ફરીયાદ ફરીયાદીએ આપેલ તે હકીકત પુરવાર થયેલ નથી. આમ અત્રેની કોર્ટ આરોપીઓ વિરુધ્ધ રજુ થયેલ તમામ મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓની ઝીણવટભરી ચકાસણી કરેલ છે પરંતુ આ કામના આરોપીઓ સવાલવારા પશુઓને ટુંકા ડોરડાથી સ્વાસ રૂંધાય તે રીતે બાંધી મારી નાખવાના ઈરાદાથી કતલખાને લઈ જવા માટે ટેમ્પામાં ભરી રેતી કે ધાર ચારાની સુવિધા વગર લઇ જઇ તેમજ સવાલવારા

પશુઓ ઉપર ક્રુરતા આચરેલ હોવા બાબતના આક્ષેપ મુજબ ગુનાઓ કરેલ હોવાની હકીકત નિ:શંકપણે પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોય **મુદ્દા નં. ૧ નો નિર્ણય નકારમાં** આપવામાં આવે છે અને **મુદ્દા નં. ૨ અંગે** નીચે મુજબનો આખરી હુકમ ન્યાયના વિશાળ હિતમાં કરવામાં આવે છે.

// **<u>હુ ક મ</u>** //

(૧) આ કામના આરોપી નં. **(૧) અજયભાઇ સોનુભાઇ ધાંગડ** રહે : સંજાણ ફણસપાડા, તા. ઉમરગામ, જિ. વલસાડ**,** આરોપી નં. **(૨) અકિબ શાહઆલમ લાંબા** રહે : સંજાણ ફણસપાડા, તા. ઉમરગામ, જિ. વલસાડ અને આરોપી નં. (૩) **રમણભાઇ પરસોત્તમભાઇ ટંકારી** રહે : ટંકારપાડા, તા. તલાસરી, જિ. પાલઘર વાળાઓને ક્રિ. પ્રો. કોડ ની કલમ – ૨૩૫ (૧) અન્વયે તેઓની વિરુદ્ધ **ધી ગુજરાત પશુ સંરક્ષણ (સુધારા) ૨૦૧૭ ની કલમ ૬-ક(૧)(૨)(૩) તથા ૮ (૪), ૧૦ તથા ધી પ્રાણી ક્રુરતા અધિનિયમ ૧૯૬૦ ની કલમ ૩, ૧૧ (ચ)(છ)(જ) મુજબના** શિક્ષાને પાત્ર ગુનાઓમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) જો આરોપીએ વિરુદ્ધ ગુનાને કામે અપીલ થાય તો અપીલ અદાલતમાં હાજર રહેવા માટે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ – ૪૩૭(એ) મુજબ પ્રત્યેક આરોપીએ રૂ. ૧૦,૦૦૦/- (દસ હજાર પુરા)

ના જામીન રજુ કરવા, જે જામીનગીરી છ માસ સુધી અમલમાં રહેશે.

(૩) આ ગુનાને કામે કબજે કરવામાં આવેલ વેલ્યુએબલ/નોન વેલ્યુએબલ મુદ્દામાલનો અપીલ સમય પુરો થયા બાદ કાયદા મુજબ નાશ કરવો.

હુકમ આજ તારીખ **૦૭ મી માહે જુન સને ૨૦૨૩** ના રોજ વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૦૭-૦૬-૨૦૨૩
સ્થળ : વાપી

**(પુષ્પા શંકરલાલ સૈની)**
ચોથા અધિક સેશન્સ જજ
વલસાડ મુ : વાપી